નજાનૂના સાહસો

નિકોલાઈ નોસોવ



08



બલૂનમાં આકાશની સફર



નજાનૂના સાહસો

08

નિકોલાઈ નોસોવ

અનુવાદ: દીપ્તિ રાજુ

બલૂનમાં આકાશની સફર

ચિત્રો : બોરીસ કૈલાશન





આખરે બલૂન ગરમ હવાથી એટલું ભરાઈ ગયું કે જાણે હવે ફાટી જ જશે. જાનૂએ બોઇલર ત્યાંથી હટાવી દેવાનું કહ્યું. પછી તેણે બલૂનનું મોઢું મજબૂત દોરડાથી સારી રીતે બાંધી દીધું, જેથી અંદરની ગરમ હવા બહાર ન નીકળી શકે.
ત્યારબાદ તેણે પોતાના મિત્રોને ટોપલીમાં બેસી જવાનો આદેશ આપ્યો.
સૌથી પહેલાં સ્વિફ્ટી ટોપલીમાં ચઢ્યો. તેના પછી રોલી-પોલી ચઢ્યો. તે ચઢતાં ચઢતાં બીજા મિત્રોના માથા પર પડી ગયો. તે પહેલેથી જ ખૂબ જાડો હતો અને ઉપરથી તેણે પોતાના ખિસ્સાંમાં સાકર, બિસ્કિટ અને બીજી ઘણી વસ્તુઓ ભરી રાખી હતી. વરસાદ પડે તો કામ આવે એ માટે તેણે રબરના બૂટ પણ પહેર્યા હતા અને હાથમાં એક છત્રી પણ રાખી હતી.
જો તેના મિત્રોએ તેને મદદ ન કરી હોત, તો તે કદાચ ટોપલીમાં ચઢી જ ન શક્યો હોત. આખરે રોલી-પોલી સુરક્ષિત રીતે ટોપલીમાં બેસી ગયો. ત્યાર પછી બીજા બધા મિત્રો પણ સીડી ચઢીને એક પછી એક ટોપલીમાં ચઢી ગયા.
ટ્રીકલી-સ્વીટર સતત અહીંથી ત્યાં દોડતો રહ્યો અને બધું કામ બરાબર થઈ રહ્યું છે કે નહીં તેની દેખરેખ રાખતો રહ્યો.
"ચઢો, ચઢો," તે વારંવાર કહેતો. "આરામથી બેસી જાઓ. આપણા બલૂનમાં બધાના માટે પૂરતી જગ્યા છે.
"

"તું પણ હવે અંદર આવી જા," તેના મિત્રોએ કહ્યું.
"હજુ ઘણો સમય છે," તેણે જવાબ આપ્યો. "પહેલા હું જોઈ લઉં કે તમે બધા સારી રીતે બેસી ગયા છો."

મિત્રો સીડી ચઢીને ટોપલીમાં બેસતા હતા ત્યારે ટ્રીકલી-સ્વીટર તેમનો હાથ પકડીને તેમને મદદ કરતો અને પાછળથી હળવો ધક્કો પણ મારતો, જેથી તેઓ સરળતાથી અંદર ચઢી શકે.
આખરે ટ્રીકલી-સ્વીટર સિવાય બધા જ ટોપલીમાં બેસી ગયા.
"તું હજુ અંદર કેમ નથી આવતો?" તેના મિત્રોએ પૂછ્યું.
"મને લાગે છે કે હું ન આવું તો સારું," તેણે કહ્યું. "હું ઘણો જાડો છું. મારા વગર પણ ટોપલીમાં પૂરતી ભીડ છે. મને ડર છે કે મારા બેસવાથી ટોપલીનું વજન વધી જશે."
"એવી કોઈ ચિંતા નથી," તેના મિત્રોએ કહ્યું.
"ના, તમે મારા વગર જ જાઓ. હું અહીં તમારી રાહ જોઈશ. મારા કારણે કોઈને તકલીફ પડે એવું હું નથી ઇચ્છતો."
"પણ કોઈને તકલીફ નહીં પડે," જાનૂએ કહ્યું. "અંદર આવી જા.આપણે સાથે જવાનું નક્કી કર્યું છે તો સાથે જ જઈશું."
ટ્રીકલી-સ્વીટર મન ન હોવા છતાં પણ ધીમે ધીમે ટોપલીમાં ચઢી ગયો.
પણ ત્યારબાદ એક અણધારી ઘટના બની. બલૂન અને ટોપલી બંને ધીમે ધીમે નીચે આવીને ફરી જમીન પર બેસી ગયાં.
"અરે, તો આ રીતે તેઓ આકાશમાં ઊડે છે!" વાડ પર બેઠેલો મિજ હસતાં બોલ્યો.






"તું શા માટે હસી રહ્યો છે?" સિંકરે કડક અવાજમાં કહ્યું. "કોઈ અકસ્માત પર હસવું સારી વાત નથી."
"આ કોઈ અકસ્માત નથી," ગ્લાસ-આઇએ કહ્યું. "બલૂન તો પંદર લોકોને ઊંચકવા માટે બનાવવામાં આવ્યું છે. તે સોળ લોકોને ઊંચકી શકતું નથી."
"એટલે કે, હવે બલૂન આકાશમાં ઊડી શકશે નહીં?" સિંકરે પૂછ્યું.
"પહેલા તેમનામાંથી કોઈ એકને નીચે ઉતારવો પડશે," ગ્લાસ-આઇએ જવાબ આપ્યો.
"કદાચ તેઓ નજાનૂને જ નીચે ઉતારશે," ટિંકલે કહ્યું.
આ ઘટના બનતાં ટ્રીકલી-સ્વીટર ખૂબ ખુશ થયો, કારણ કે તે મનમાં બલૂનમાં ઊડવાથી થોડો ડરતો હતો.
"મેં પહેલેથી જ કહ્યું હતું કે ટોપલીનું વજન વધારે થઈ જશે!" તેણે કહ્યું. "લો, હું જ નીચે ઊતરી જાઉં."
તે એક પગ ટોપલીની બહાર મૂકવા જતો હતો, એટલામાં જાનૂએ રેતી ભરેલી એક થેલી ટોપલીની બહાર ફેંકી દીધી.
તરત જ બલૂન ઉપર ઊઠવા લાગ્યું.
આ રીતે બધાને સમજાઈ ગયું કે જાનૂએ ટોપલીમાં રેતીની થેલીઓ શા માટે મૂકી હતી.
લોકોએ જોરદાર તાળીઓ પાડી, પરંતુ જાનૂએ હાથ ઊંચો કરીને બધાને શાંત રહેવાનો ઈશારો કર્યો.
પછી તેણે બધાને સંબોધીને કહ્યું:
"મિત્રો, આવજો! અમે લાંબી મુસાફરી પર જઈ રહ્યા છીએ. એક અઠવાડિયા પછી પાછા આવીશું. ફરી મળીએ ત્યાં સુધી આવજો!"
" "આવજો! આવજો! તમારી મુસાફરી સુખદ રહે!" શહેરના બધા લોકો હાથ અને પોતાની ટોપીઓ હલાવીને તેમને વિદાય આપવા લાગ્યા.












જાનૂએ પોતાના ખિસ્સામાંથી એક નાની છરી કાઢી અને હેઝલના ઝાડ સાથે બાંધેલા બલૂનની દોરી કાપી નાખી.ધીમે ધીમે બલૂન ઉપર ઊઠવા લાગ્યું.એક ક્ષણ માટે તે ઝાડની એક ડાળી સાથે અટક્યું, પરંતુ થોડા જ સમયમાં તે છૂટી ગયું અને આકાશમાં ઊંચે ઊડતાં તેની ઝડપ વધવા લાગી.

"હુરરરે!" જોઈ રહેલા લોકોએ બૂમ પાડી. "જાનૂ અને તેના મિત્રો માટે હુરરરરરે! હુરરરરરે!"









લોકોએ તાળીઓ પાડી અને પોતાની ટોપીઓ હવામાં ઉછાળી દીધી. છોકરી-માઇટ્સ ખુશીમાં એકબીજાને ભેટી પડી. પી-વી અને ટિંકલે તો એકબીજાને ચુંબન પણ કર્યું, અને માર્ગીની આંખોમાં આંસુ આવી ગયા.
તે દરમિયાન બલૂન વધુ ને વધુ ઊંચે ઊડતું ગયું અને પવન તેને દૂર લઈ ગયો. થોડા જ સમયમાં તે એટલું નાનું ટપકું બની ગયું કે વાદળી આકાશની પૃષ્ઠભૂમિ સામે તે ભાગ્યે જ દેખાતું હતું.
ગ્લાસ-આઈ એક મકાનની છત પર ચઢ્યો અને તેણે પોતાનું દૂરબીન બલૂન તરફ ગોઠવ્યું.
કવિ પોઝી તેની બાજુમાં છતના એકદમ કિનારે ઊભો હતો. તે હાથ છાતી પર વાળી, ઉત્સાહિત ભીડ તરફ જોતો જાણે ઊંડા વિચારમાં ડૂબેલો હોય તેમ લાગતો હતો. અચાનક તેણે પોતાના હાથ ફેલાવ્યા અને ઊંચા અવાજે બોલ્યો:
"એક કવિતા! મારી કવિતા સાંભળો!"



તરત જ બધે શાંતિ છવાઈ ગઈ. બધાની નજર પોઝી તરફ ફરી.
"એક કવિતા!" માઇટ્સ એકબીજાને ધીમા અવાજે કહેવા લાગ્યા. "હવે આપણે એક કવિતા સાંભળવા જઈ રહ્યા છીએ."
પોઝીએ છેલ્લો ગણગણાટ શાંત થાય ત્યાં સુધી રાહ જોઈ. પછી તેણે અદૃશ્ય થતું બલૂન જે દિશામાં જઈ રહ્યું હતું તે તરફ એક હાથ લંબાવ્યો, ગળું સાફ કર્યું અને ફરી એકવાર બોલ્યો:
"એક કવિતા."
થોડી ક્ષણના વિરામ પછી તેણે હમણાં જ બનાવેલી કવિતા સંભળાવવાની શરૂઆત કરી:

આ શુભ દિવસે અમારા માઇટ ભાઈઓ,
બલૂનમાં બેસી દૂર ઉડી ગયા છે.
તેમને પાંખો તો નથી, પણ માનો મારી વાત,
તેઓ કોઈપણ પક્ષીની જેમ સુંદર રીતે ઉડી રહ્યા છે!
આ બધું બુદ્ધિ અને સમજનું પરિણામ છે,
ટ્રા-લા! આ બધું મહેનતનું ફળ છે, હુર્રરે!



ચારેય તરફ ખુશીના પોકારો અને તાળીઓના ગડગડાટ ગૂંજી ઊઠ્યા! છોકરા-માઇટ્સ પોઝીને છત પરથી નીચે ઉતારી પોતાના ખભા પર બેસાડીને ઘરે લઈ ગયા. છોકરી-માઇટ્સે ફૂલોની પાંખડીઓ તોડી રસ્તા પર પાથરી દીધી. તેઓ પોઝીનું એવું સન્માન કરવા લાગ્યા જાણે બલૂન તેણે જ બનાવ્યું હોય અને તે જ તેમાં બેસીને ઉડી ગયો હોય. માઇટ્સે તેની કવિતા મોઢે કરી લીધી અને ગલીઓમાં ગાવા લાગ્યા.
તે સાંજે તમે જ્યાં પણ જાઓ ત્યાં લોકો આ ગીત ગાતા સંભળાતા:

આ શુભ દિવસે અમારા માઇટ ભાઈઓ,
બલૂનમાં બેસી દૂર ઉડી ગયા છે.
તેમને પાંખો તો નથી, પણ માનો મારી વાત,
તેઓ કોઈપણ પક્ષીની જેમ સુંદર રીતે ઊડી રહ્યા છે!
આ બધું બુદ્ધિ અને સમજનું પરિણામ છે,
ટ્રા-લા! આ બધું મહેનતનું ફળ છે, હુરરરે!







